### સહજાનંદ સ્કૂલ ઑફ ઍચિવર, ચિલોડા ખાતે

# બાળકો માટે સમર કેમ્પનો આરંભ






શિક્ષણ માત્ર પુસ્તકલક્ષી જ નહીં, પરંતુ જીવનના પ્રત્યેક ક્ષેત્રને સ્પર્શતો વિષય છે. પરીક્ષાઓ પૂર્ણ થયે વિદ્યાર્થીઓનો માનસિક થાક દૂર થાય અને શારીરિક તંદુરસ્તી જળવાઈ રહે, ટી.વી. કે કોમ્પ્યુટર જેવા માધ્યમોથી બાળકો ઘરકૂકડા ના બની જાય અને તેમનામાં રહેલી છૂપીશક્તિઓને બહાર લાવવાનો હેતુસર સહજાનંદ સ્કૂલ ઓફ એચીવર, ચિલોડા ખાતે તારીખ ૧૫ એપ્રિલથી સમર કેમ્પનો આરંભ કરવામાં આવ્યો છે, જેમાં કુલ ૩૦૦ વિદ્યાર્થીઓ જોડાયા છે. આ શિબિર ૨૫મી સુધી ચાલશે. એડવેન્ચર ગેમ્સ જેવી કે ઝીપલાઈન, રેપલીંગ, લેન્ડરોલર, રોપકોર્સ, કલાઈમ્બિંગ વૉલ પર વિદ્યાર્થીઓને ખુબ રોમાંચિત અનુભવ સાથે આનંદ માણી રહ્યા છે. ઉપરાંત ડાન્સ, મ્યુઝિક, આર્ટ ક્રાફ્ટ, મહેંદી, સ્કેટિંગ, વોલીબોલ, કરાટે થિયેટરની પ્રવૃત્તિ પણ વિદ્યાર્થીઓએ કેમ્પ અંતર્ગત હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે તારીખ ૨૫ એપ્રિલ થી તારીખ ૩૦ એપ્રિલ સુધી આ જ કેમ્પસમાં સમર કેમ્પ ફોર મધર ફાધરનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

# સોમવારે અમદાવાદમાં સાહિત્યસફર કાર્યક્રમ

## માધવ રામાનુજ પોતાના જન્મદિન પ્રસંગે પોતાનાં જીવન-કવન અંગે વાત કરશે



ગાંધીનગર, તા. ૧૬

ઓમ કૉમ્યુનિકેશન દ્વારા વાર્તાકાર સંજય ચૌધરી અને સાહિત્યપ્રેમી મુકુંદ દવેના સહયોગથી તારીખ ૨૨મી એપ્રિલ ને સોમવારના રોજ સાંજે ૫-૩૦ કલાકે આત્મા હોલ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે કવિ, નાટ્યકાર, નવલકથાકાર માધવ રામાનુજના ૭૫મા જન્મદિન પ્રસંગે 'શબ્દજયોતિ' શીર્ષક હેઠળ સાહિત્યસફર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં કવિ, નાટ્યકાર, નવલકથાકાર માધવ રામાનુજ પોતાનાં જીવન-કવન વિષે વક્તવ્ય આપશે. આ પ્રસંગે સાહિત્યકારો, સાહિત્યપ્રેમીઓ અને સાહિત્યરસિકોને ઉપસ્થિત રહેવા આયોજક સંસ્થાઓ તરફથી ઈજન પાઠવવામાં આવ્યું છે. આ સાહિત્યિક કાર્યક્રમને માણવા કોઈ પ્રવેશ ફી રાખવામાં આવી નથી.



કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા સંચાલિત વીપીએમપી પોલીટેકનીક, ફાર્મસી, ફીઝીયોથેરાપી, એમબીએ વગેરે કોલેજના ૧૫૫ જેટલા વિદ્યાર્થીઓએ હૈદરાબાદ સ્થિત કલાશાંતી વનમાં યોજાયેલી સાત દિવસીય ઓલ ઈન્ડિયા યુથ સેમિનારમાં ભાગ લીધો હતો. સેમિનાર અંતર્ગત વિદ્યાર્થીઓએ ધ્યાન, યોગ, મેડિટેશન કર્યું હતું.

# ગાંધીનગરનાં મહિલાઓ રાજ્યકક્ષાએ ઝળક્યાં



ગાંધીનગર, તા. ૧૬

પોરબંદર ખાતે તાજેતરમાં યોજાયેલી ઍથ્લેટીક્સની રાજ્યકક્ષાની સ્પર્ધાઓમાં ગાંધીનગરનાં રમતવીર મહિલાઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરીને શહેરનું નામ રોશન કર્યું છે.

'મહિલા માસ્ટર્સ ઍથ્લેટિક્સ' અંતર્ગત યોજાયેલી વિવિધ રમતોની સ્પર્ધાઓમાં ગાંધીનગરનાં જાણીતાં ઍથલીટ હેમાબેન સાગરે ૫૦ વર્ષથી વધુ વયના ખેલાડીઓની કૅટેગરીમાં ગોળાફેંકમાં ગોલ્ડ મેડલ, હેમર થ્રોમાં ગોલ્ડ મેડલ અને ડિસ્ક થ્રોમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો.

૭૦ વર્ષથી વધુ વયના ખેલાડીઓની કૅટેગરીમાં ઈન્દુમતિ નિમાવતે ૧૦૦ મીટર દોડમાં ગોલ્ડ મેડલ, ડિસ્ક થ્રોમાં ગોલ્ડ મેડલ અને



ગોળાફેંકમાં સિલ્વર મેડલ મેળવીને નગરના ગૌરવમાં વધારો કર્યો હતો.

# રાજ્યભરની યુનિવર્સિટીઝમાં સ્ટાર્ટ-અપની શરૂઆત કરાશે

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત યુનિવર્સિટી દ્વારા શરૂ કરાયેલા સ્ટાર્ટઅપ એટલે કે જીયુસેક હવે સમગ્ર રાજ્યની યુનિવર્સિટીઓમાં સ્ટાર્ટઅપ શરૂ કરવા માટે સહયોગ કરશે. સરકાર દ્વારા સ્ટાર્ટઅપ અને ઈનોવેશનને પ્રોત્સાહન આપવાનું શરૂ કર્યા બાદ હજુ સુધી ગુજરાત યુનિવર્સિટી અને જીટીયુ સિવાય મોટાભાગની યુનિવર્સિટી આ પ્રકારના સેટઅપ તૈયાર કરી શકી નથી. જેના કારણે હવે શિક્ષણ વિભાગે દરેક યુનિવર્સિટીમાં સ્ટાર્ટઅપ શરૂ કરવાની જવાબદારી ગુજરાત યુનિવર્સિટીને સોંપવાનું નક્કી કરાયું છે.

યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૧૬માં સ્ટાર્ટઅપ-ઈનોવેશનને પ્રોત્સાહન આપવા માટે જીયુસેકનો પ્રારંભ કરાયો હતો. પ્રારંભમાં ગણતરીના સ્ટાર્ટઅપ બાદ હાલમાં ૧૧૨ જેટલા સ્ટાર્ટઅપ ચાલી રહ્યા છે. અત્યાર સુધીમાં અનેક સ્ટાર્ટઅપ પૂર્ણ કરીને તેનો કોમર્શિયલ યુઝ જે તે સ્ટાર્ટઅપ શરૂ કરનારા ઉમેદવારોએ શરૂ કરી દીધો છે. આગામી દિવસોમાં હજુ કેટલાક મહત્ત્વના સ્ટાર્ટઅપ પાઈપલાઈનમાં છે જે સમાજ માટે મહત્ત્વપૂર્ણ અને ઉપયોગી સાબિત થઈ શકે તેમ છે.

# ગણપત યુનિવર્સિટી દ્વારા ૧૪મા સ્થાપના દિનની ઉજવણી




## ભાગવતાચાર્ય પૂજ્યશ્રી રમેશભાઈજીનું મનનીય પ્રવચન : આઈટી ક્ષેત્રના તાલિમ-અભ્યાસ અંગે બે એમઓયુ સાઈન થયા

ગાંધીનગર, તા. ૧૬

ઉત્તર ગુજરાતની પ્રતિષ્ઠિત ગણપત યુનિવર્સિટીનો ૧૪મો સ્થાપના દિન યુનિવર્સિટીના ખેરવા સ્થિત સંકુલ ખાતે ભારે ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં ઉજવાયો હતો.

લગભગ ૩૦૦ એકર જેવા વિશાળ અને ૫૦,૦૦૦થી વધારે વૃક્ષોથી આચ્છાદિત હરિયાળા અને પ્રાચિન ગુરૂકુળ સમા પાવન પરિસરમાં ઉજવાયેલ ૧૪મા સ્થાપના દિનના શુભ અવસરે અતિથિવિશેષ તરીકે આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ઋષિ-પુરૂષ ભાગવતાચાર્ય પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝા પધારતા સમગ્ર ભૂમિ વિશેષ પવિત્રતા પામી હતી. પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ આ અવસરની ઉજવણીને વધુ સાર્થક બનાવતું અને ગણપત યુનિવર્સિટીના ઉદ્દેશના સૂત્ર 'વિદ્યયા સમાજોત્કર્ષ' વિષય ઉપર જ પોતાનું ચિંતન સમૃદ્ધ પ્રવચન આપ્યું હતું.

સૌ પ્રથમ તો ભાઈજીએ એમના પ્રેરણાદાયી પ્રવચનના પ્રારંભે વિદ્યાની વ્યાખ્યા કરી વિદ્યા દ્વારા સમાજ ઉત્કર્ષના મુદ્દાની વિષદ છણાવટ કરી હતી. જેમાં એમણે કહ્યું હતું કે ગણપત યુનિવર્સિટીમાંથી શિક્ષિત થયેલા વિદ્યાર્થીઓ માત્ર તેજસ્વી જ હોય તે પુરતુ નથી, પરંતુ સમાજનો ઉત્કર્ષ તો એ ત્યારે જ કરી શકે જ્યારે બુદ્ધિ તેજ હોય પરંતુ એ પ્રકતિએ જડ ન હોય, તેનું હૃદય પ્રેમ અને સંવેદાન ભરેલુ હોય અને તેના હાથ પરિશ્રમશીલ હોય !

અલબત્ત આ સંદર્ભે એમણે બીજી અનેક મહત્વપૂર્ણ વાતો સમજાવીનો જીવનનો સમાજના ઉત્કર્ષ માટે જીવનારના ચારિત્ર્યનો ઘણો ઉંચો મહિમા કર્યો હતો અને ઉમેર્યુ હતુ કે વિદ્યા-સાચી વિદ્યા એ છે જેના દ્વારા તમારી મતિ પ્રભુ તરફ પ્રેરાય છે. એમણે ગણપત યુનિવર્સિટીના આંગણે પોતે આવી શક્યા તેનો રાજીપો વ્યક્ત કરતા જણાવ્યું કે છોકરાંઓને ભણતા જોઈને મને ખૂબ આનંદ થાય છે અને ભણાવતા શિક્ષકોને જોઈને મને ખૂબ આદર થાય છે ! એમણે ધનપતિ મુકેશ અંબાણી સાથેના એક સંવાદનું સ્મરણ ટાંકતા કહ્યું કે મુકેશ અંબાણીએ ખુદ એવું મંતવ્ય પ્રગટ કર્યુ હતુ કે ધન સંપતિ તો ગમે તેટલી હોય બે-પાંચ પેઢીએ એ ખૂટી શકે છે પરંતુ યુનિવર્સિટીઓ બનાવીએ તો એ (જ્ઞાનયજ્ઞ) ચાલ્યા જ કરે... નિરંતર ! અને વ્યક્તવ્યને અંતે એમણે ગણપત યુનિ. માટે શુભેચ્છા પાઠવતા કહ્યું કે આ વિદ્યામંદિર-યુનિ.નો વંશ ખૂબ વધે, આની કુખેથી જ બીજી અનેક યુનિવર્સિટીઓ જન્મે અને આ જ્ઞાન-અભિયાન વર્ષોના વર્ષ ચાલ્યા જ કરે એવી મારી શુભકામનાઓ પાઠવું છું.

# પોતાનાં કામ માટે ઈચ્છો છો તેવું બીજાના માટે પણ ઈચ્છો

દરેક પળ અનંત પર્યાયોનો જન્મ થઈ રહ્યો છે. આ સાધારણ ઘટનામાં જે વ્યક્તિ અસાધારણ કામ કરી જાય છે તેને આપણે આદર્શ-પૂજ્ય માનીએ છીએ.

દુનિયાને જીતવાવાળા વીર પોતાની જાતને જીતવાવાળાં મહાવીર થઈ જાય છે. આજથી ૨૦૧૬ વર્ષ પૂર્વે ભારત ભૂમિના



કુહડગામમાં સમ્રાટ સિદ્ધાર્થ અને રાણી ત્રિશલાને ત્યાં અંતિમ તીર્થંકર પુત્રનો જન્મ થયો. તે સાથે જ સમગ્ર દેશમાં ધન-ધાન્ય, સુખશાંતિ, સમૃદ્ધિની વૃદ્ધિ થઈ જેના કારણે તેમનું નામ વર્ધમાન રાખવામાં આવ્યું. બચપણમાં વર્ધમાન હતા. ત્યાર પછી સમગ્ર વિશ્વમાં વીર, અતિવીર, મહાવીરની ઉપમા આપવામાં આવી. 'એકમાત્ર એવા ક્ષત્રિય દિવ્ય પુરુષ જેમણે કોઈ દિવસ તલવાર, હથિયાર, બંદુક, ચાકુ વગેરે નહોતા ઉઠાવ્યા. કદી બાહ્યશક્તિનું પ્રદર્શન નહોતું કર્યું. છતાં 'મહાવીર' કહેવાયા. શું રાજ છે ? તેમણે પોતાના આંતરિક દુશ્મનોને પરાસ્ત કર્યા હતા.

જે વ્યક્તિ વિકારો-કષાયોને, આકાંક્ષાઓને તથા મન-ઈન્દ્રિયોને જીવે છે તે મહાવીર છે. એમણે આપેલ સિદ્ધાંતોને દરેક વ્યક્તિ-દરેક દેશ શ્રદ્ધાથી નમન કરે છે.

'મહાવીર'ના જીવનની દરેક પળ કલ્યાણકારી છે. એક દર્પણ સમાન છે, જેમાં પોતાની જાતને જોવાની છે, ઓળખવાની છે, સમજવાની છે.

ભગવાન મહાવીરે અનેકાંતવાદ સમજાવ્યો. મહાવીર કરે છે કોઈપણ વ્યક્તિ કદાપિ ખોટો નથી હોતો. દરેક પોતપોતાનાથી અપેક્ષાઓ જ્યાં છે ત્યાં સાચો જ છે.

ભગવાન મહાવીરે કોઈ નવો ધર્મ સ્થાપિત નહોતો કર્યો, ફક્ત સૂતેલી ચેતનાને જાગૃત કરવાનું કામ કર્યું હતું.

મહાવીરે ભૂખ્યા મરવાનું નહીં, પરંતુ જે આપણું નથી, હિતકારી નથી તેને છોડવાનું કહ્યું છે. જેથી જે ખરેખર આપણું છે તે આપણી પાસે આવે. મહાવીરે તો દુખોથી મુક્ત થવાનો માર્ગ બતાવ્યો છે. મહાવીરે જે કહ્યું તે આજ પણ જરૂરી છે, લાભદાયી છે અને આપણા માટે કરવું સહેલું પણ છે.

'જીઓ ઔર જીને દો'ના અણમોલ સૂત્રને જીવનમાં ઉતારીશું ત્યારે પ્રેમ, સુખ, શાંતિનો અદ્‌ભૂત અનુભવ થશે. બધાં એક સમાન દેખાશે. પશુ-પક્ષી અને વનસ્પતિમાં પણ પરમાત્મ શક્તિનાં દર્શન થશે. બધાંની સાથેનો વ્યવહાર પણ બદલાઈ જશે. પોતાના કામ માટે ઈચ્છો છો તેવું જ બીજાના માટે પણ ઈચ્છો. જેટલું આપશો તેટલું પામશો. આ શાશ્વત નિયમ છે.

ભાગ્યથી પ્રાપ્ત આ માનવજીવનને દુર્ભાગ્યપૂર્ણ ન બનાવી આપણું સૌભાગ્ય જગાવીએ. આ માટે અહિંસાથી ઓતપ્રોત આ આત્માને જૈનાચારથી શ્રુંગારિત કરવો પડશે, શાકાહારી ભોજન કરીએ.

અહિંસા જગતની માતા છે તથા સંપૂર્ણ આનંદની પદ્ધતિ છે. જે દુખોથી મુક્ત કરાવીને પરમસુખ સુધી લઈ જાય તે જ અહિંસા ધર્મ છે. તે જ પરમ ધર્મ છે એવું ભગવાન મહાવીરે કહ્યું છે.

વેર, વિરોધ, વૈમનસ્ય, આતંકવાદ, અત્યાચાર, યુદ્ધ, કતલખાનાં... આ ફક્ત શબ્દો જ રહી જશે. જો જીવનમાં વિવેકપૂર્ણ અહિંસાનું આચરણ થશે તો ! વિશ્વશાંતિ સ્થાપવામાં અહિંસાણુવ્રત જ મદદરૂપ બનશે.

જ્યારે આપણે પરાયાને પોતીકા માનીએ તો વાણી પણ હિત-મિત-પ્રિય થઈ જાય છે. આચરણ પણ છળકપટ વગરનું થઈ જાય છે અને ત્યારે જ સત્ય ધર્મનું આગમન થાય છે.

- સંકલન : મેહુલ દોશી

## ગાંધીજીનો વિનોદ

મારામાં વિનોદ કરવા અને સમજવા જેટલી બુદ્ધિ છે, તેને લીધે હું આવી વસ્તુ પર ચિડાતો અટકું છું. એ જો મારામાં ન હોત તો હું ક્યારનો ગાંડો થઈ ગયો હોત.

- ગાંધીજી

સત્ય અને અહિંસા જેવા ગહન વિષય પર ગાંધીજીનાં લખાણો વાંચીને દૂરનો વાચક ગાંધીજીના મોહક અને વિનોદી વ્યક્તિત્વને અન્યાય કરી બેસવાનો સંભવ છે. એવો જ અન્યાય દૂરથી તેમનાં દર્શન કરનાર પણ કરી બેસે તો આશ્ચર્ય નહીં. ઈશ્વર અને ધર્મની વારંવાર વાતો કરનાર ગાંધીજી કોઈ પાદરી જેવા ગંભીર પ્રકૃતિના હશે એમ પણ લાગે. પણ ગાંધીજીના સાંનિધ્યમાં થોડી

150 ગાંધીયાત્રા

મિનીટો ગાળનારના આવા ભ્રામક ખ્યાલો તરત જ દૂર તઈ જતા. જીવનનાં અનેકવિધ પાસાઓમાં ગાંધીજીના જીવનનું એક પાસું વિનોદથી ભરેલું હતું. જે અસંખ્ય સ્ત્રી-પુરુષો તેમના સંપર્કમાં આવ્યાં તે સૌના ઉપર આ વિનોદી અને લોહચુંબક જેવા આકર્ષક વ્યક્તિત્વની અસર પડી છે અને તેથી જ અનેક વિરોધીઓને ગાંધીજીએ પોતાના કરી લીધા છે. એમના વિનોદમાં કટુતા, ડંખ કે તિરસ્કાર ક્યાંય દેખાતાં નથી. આવો વિનોદી સ્વભાવ ગાંધીજીનો ન હોત તો રાષ્ટ્રના મહાન સવાલોના બોજા નીચે તેઓ કચડાઈ ગયા હોત. ગાંધીજીને હસતા જોઈને કેટલાંક કુતૂહલથી પૂછતા કે આટલી ભારે અને ગંભીર જવાબદારીઓ અદા કરવાની હોય છે ત્યારે ગાંધીજી કેવી રીતે હસી શકે અને બીજાને હસાવી શકે?

'ગાંધીજીનો વિનોદ'માંથી સાભાર

## જન્મદિને વધામણી



રીટાબેન દિપકભાઈ સોની
મો. ૯૪૦૮૭ ૬૨૧૧૪



વનરાજ દિનેશકુમાર રાઠોડ
મો. ૭૪૦૫૫ ૧૭૬૦૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક